


# ધુરંધર સૌમ્યા વન્સ મોર

ધુરંધરના પહેલા પાર્ટમાં રહેમાન ડકૈતની વાઇફનો શાનદાર રોલ કરીને ચમકેલી ટીવીની 'અનિતા ભાભી' તરીકે જાણીતી સૌમ્યા ટંડન હવે બીજા ભાગમાં આગ લગાવવા આવી રહી છે. ચાલો જાણીએ સૌમ્યાની ટન-ટનાટન વાતો...

- **નવરાશનો ટાઇમ શેમાં પસાર કરો? કોઇ ફેવરિટ હોબી?**
લખવું અને કલરકામ
- **લાઇફનો ફેવરિટ પર્સન જેણે તમને ગાઇડ કર્યું હોય?**
મારા મમ્મી
- **સૌથી વધારે ઇમ્પોર્ટન્ટ કોણ ફોન કે ફેમેલી?**
ફેમેલી ફર્સ્ટ
- **ફૂડમાં ગિલ્ટી પ્લેઝર?**
સ્વીટ્સ
- **મીઠાઇમાં પણ સૌથી ફેવરિટ?**
ચોકલેટ્સ
- **લોકોની કઇ વાત નથી ગમતી?**
દેખાડો કરે અને જુઠ્ઠા લોકો
- **ફેવરિટ એનિમેશન મૂવી?**
'અપ'
- **દીકરા મિરાન સાથેની ફન વાત?**
એ મમ્મી માટે સુપર પોઝેસિવ છે
- **તમારો કોઇ ખાસ મિત્ર?**
કરણ ગ્રોવર
- **તમારું નિક-નેમ?**
અનિતા ભાભી ઘણું ફેમસ છે
- **ફિટનેસ અને એજિંગ વિશે વિચાર?**
એજિંગને ફીઅર નથી કરતી
- **અક્ષય ખન્ના સાથે કેમિસ્ટ્રી કેવી હતી?**
ખૂબ નેચરલ!
- **એક્ટિંગ સિવાય કોઇ ખૂબી?**
પબ્લીક સ્પીકિંગ

ફિલ્મ 'દમ લગાકે હઈશા ' ને લગભગ એક દાયકા થી વધુ સમય વીતી ગયો છે અને અત્યારે ભૂમિ પેડનેકર પોતાની કારકિર્દીના એક રસપ્રદ મુકામ પર આવીને ઉભી છે. તેણે એક ક્રાઇમ થ્રીલર 'દલદલ' સાથે ધારદાર ફિલ્મો માં પ્રવેશ કર્યો છે. આ ફિલ્મ માં તેણે DCP રીટા ફરેરા નું પાત્ર ભજવ્યું છે. ભૂમિને પોતાની આસપાસના ઘોંઘાટ થી અસર થતી નથી અને તે તટસ્થ તેમજ ફોકસ્ડ છે. પ્રસ્તુત છે ભૂમિ સાથેની વાતચીત જેમાં તે સ્પષ્ટતા અને ચોક્કસાઇ થી જવાબો આપે છે.

# મને નેગેટીવ રોલ કરવા ગમશે: ભૂમિ પેડનેકર



શોશા

**» 'દલદલ' માં તને ભૂમિ સતીશ પેડનેકર તરીકે શ્રેય આપવામાં આવ્યો છે.**

હા . મારા પિતાનું નામ ઉમેરવું મને યોગ્ય લાગ્યું . આ વાત મારા મનમાં ઘણા સમયથી ચાલતી હતી . આ ચોક્કસ મારા ભલા માટે છે. તેમની સાથે ભૂતકાળમાં જે બન્યું તે સમજવા માટે મને પહેલાં સમય ન હતો . છેલ્લા કેટલાક મહિનાઓ થી હું ફિલ્માં કામ કરતી ન હતી એટલે મને થોડો વિચારવાનો સમય મળી ગયો. આ ખરેખર સારું જ થયું છે.

**» ઇન્ડસ્ટ્રી માં એક દાયકો પૂરો કર્યા બાદ તને શું લાગે છે, સફળતા એટલે શું?**

આજે સફળતા તમારા ધ્યેય સાથે વધારે જોડાયેલી છે. મારો ધ્યેય શું છે? હું ફિલ્મ શા માટે કરું છું? મને ફિલ્મ કરવી શા માટે ગમે છે? અગાઉ, મારો ધ્યેય હતો મારું પોતાનું એક સ્થાન બનવવાનું જેમાં હું સફળ રહી. ત્યારબાદ મારૂ ધ્યેય હતું આ ઈન્ડસ્ટ્રી માં ટકી રહેવું. આજે મને એવી અસુરક્ષિતતા નથી. હવે, સફળતા ઉદ્દેશ્ય સાથે જોડાયેલી છે. ભવિષ્યમાં જયારે હું બે કે ત્રણ દાયકા પાછળ ફરીને જોઉં તો ત્યારે મને મારા કાર્ય માટે ગર્વ થવો જોઈએ.

**» કઈ ભૂમિકાથી તારામાં આમૂલ પરિવર્તન આવ્યુ છે?**

મારી પહેલી ફિલ્મ 'દમ લગાકે હઈશા' નો હું આમાં સમાવેશ નહિ કરું કારણકે તે મારા માટે ઘણી સ્પેશલ ફિલ્મ છે. તેના સિવાય, 'સોનચીડિયા ' વિષે કહી શકું કે તે ફિલ્મથી એક કલાકાર તરીકે અને એક માણસ તરીકે મારામાં ઘણું પરિવર્તન આવ્યું છે. તે ફિલ્મનો મારા પર ઘણો પ્રભાવ રહ્યો છે અને હંમેશા રહેશે. આ ઉપરાંત, સાંઢ કી આંખ , પતિ પત્ની ઓર વો, બધાઈ દો, અને ભક્ષક એવી ફિલ્મો છે જેમને કરવાનો મને ગર્વ છે.

**» જેણે હાલમાંજ પોતાની કારકિર્દીની શરૂઆત કરી હોય તેવી ભૂમિ ને તું શું કહેવા માંગે છે?**

આસપાસના ઘોંઘાટ ની તાબે થવું નહિ.

**» જીવનમાં ક્યારેય પણ એવી ક્ષણ આવી છે જેમાં તને એવું લાગ્યું હોય કે તું પરિસ્થિતિને તાબે થઇ રહી છે?**

ના , હારી જવાનું મેં ક્યારેય વિચાર્યું નથી. હું એક મજબુત મનની વ્યક્તિ છું અને હું ક્યારેય હાર નહિ માનું. હું ખુબ સકારાત્મક છું. મારા જીવન માં ઘણો પ્રેમ છે અને હું ભાગ્યશાળી છું કે હું એવા પરિવારનો હિસ્સો છું કે જેમણે મને ઘણું આપ્યું છે. તેઓ મને મજબુત બનાવે છે. તમે જેમને પ્રેમ કરો છો તેમને પીડા માં જુઓ છો, તેમને ગુમાઓ છો. પરંતુ, એ જ તો જીવન છે. ક્યારેક ફિલ્મ ચાલે છે તો ક્યારેક તે નથી ચાલતી. આવું બધા સાથે થતું હોય છે.

**» છેલ્લા કેટલાક વર્ષો તારા માટે સારા રહ્યા નથી,ખાસ કરીને ' ધ રોયલ્સ' આવી ત્યાર પછી. તારા દેખાવ માટે તને ટ્રોલ કરવામાં આવી.**

તમે લોકોની નજરમાં રહેતા હોવ એટલે એનો મતલબ એવો નથી કે લોકોની ટ્રોલીંગ તમને અસર કરતી નથી. ચોક્કસ તે અસર કરે છે કારણકે આપણે સૌ માણસો છીએ. આવા સમયે હું આધ્યાત્મ તરફ વળી જાઉં છું. હું ઈશ્વર તરફ વળી જાઉં છું અને ધ્યાન કરું છું. આના કારણે તમારામાં કડવાશ આવતી નથી. તમે જેવા આ માર્ગ પર ચાલવાનું શરુ કરો છો કે તમને પોતાનામાં પરિવર્તન જોવા મળે છે. તમને જ્ઞાન થાય છે કે તમે આ વિશાળ બ્રહ્માંડ માં કશું જ નથી ,ફક્ત એક નાનકડા માનવી છો. આ તમને નમ્ર બનાવે છે.

**» 'દલદલ ' કરવાનું તે કેમ પસંદ કર્યું?**

જે તાજગી થી 'દલદલ ' લખાયેલી છે તે મને ખરેખર આ શો કરવા માટે ઉત્તેજિત કરે છે.આ ખરેખર ઈન્ટેલીજન્ટ શો છે. હા, તે પોલીસ અને સાયકોલોજીકલ ક્રાઈમ ડ્રામા છે. પરંતુ તે પરિચિત કથાવસ્તુ પર આધારિત નથી. તે પાત્ર આધારિત છે અને કેટલાક અસાધારણ પાત્રો દ્વારા શોની કહાની આગળ વધે છે. વળી, રીટા ફરેરા જેવી રીતે લખાઈ છે તેને સ્ક્રીન પર ઉતારવું મારા માટે પડકારજનક હતું. તેના વ્યક્તિત્વમાં બે પાસા છે. પોલીસ ના યુનીફોર્મ માં તેનું અલગ વ્યક્તિત્વ છે અને યુનીફોર્મ વગર અલગ. તે તેના કામને નિષ્ઠા અને પ્રમાણિકતા થી કરે છે. તેને તેનું કામ ગમે છે તો બીજી બાજુ, તે હિંસક , એકલવાયી અને મન થી તૂટેલી વ્યક્તિ છે. આ બંને વ્યક્તિત્વ એક સાથે તેના પાત્ર માં નજર પડે છે.

**» જયારે કેમેરો ચાલતો ન હોય ત્યારે પણ શું આવા પડકારજનક પાત્રો ભજવવાને કારણે તેની તારા પર આડઅસર રહી જાય છે?**

મોટાભાગે ક્યાં લક્ષમણરેખા દોરવાની છે તેનો મને અંદાજ આવી જાય છે. પરંતુ, રીટા ફરેરાના પાત્ર માં આ કામ ઘણું મુશ્કેલ છે. આ સીરીઝ મુંબઈ માં શૂટ થઇ છે અને આ પાત્ર મારામાં ઉતરી ગયું છે. જયારે તમારે ઘણા ડાઈલોગ બોલવાના હોય ત્યારે મને ટ્રીગર થતી બાબતો પ્રત્યે હું સજાગ રહું છું.

**» શું તને લાગે છે કે ફિલ્મ ઇન્ડસ્ટ્રી મહિલાઓ પ્રત્યે વધુ ઉદાર બની છે?**

ચોક્કસ અહીં વધુ સમાનતા છે. હું તેને શ્રેષ્ઠ તો નહિ કહી શકું પરંતુ, અન્ય ઉદ્યોગો કરતાં તેમાં સમાનતા વધારે છે. ફક્ત કલાકારો વિષે જ અહી વાત નથી, સ્ત્રીઓ કેમેરા પાછળ પણ કામ કરી રહી છે, લેખન,નિર્માણ, દિગ્દર્શન, અને પોતાના સ્ટંટ પણ કરી રહી છે. પણ શું આટલું પુરતું છે? ના, આપણે સમાનતા ની આદર્શ પરિસ્થિતિ થી ઘણા દૂર છીએ. ચોક્કસ પરિસ્થિતિ માં સુધારો તો થયો જ છે. આજે ,સ્ત્રીઓ રૂઢિગત ભૂમિકાઓ સુધી પોતાને માર્યાદિત રાખતી નથી. તે નેતૃત્વ પણ કરે છે.

**» લોકો તારા વિષે જે ધારણા રાખે છે તે શું સંપૂર્ણપણે ખોટી છે?**

લોકો ભૂલી ગયા છે કે મેં 'દમ લગા કે હઈશા' પછી કેટલી મહેનત કરી હતી અને મારી ફિટનેસ લાવવા માટે મેં લાંબા સમય સુધી પ્રમાણિક પ્રયત્નો કર્યા હતા. આવી ધારણાઓ બંધ થવી જોઈએ.

**» એવી કોઈ શૈલી કે એવું કોઈ પાત્ર છે જે કરવાની તને ઈચ્છા હોય?**

મને એકદમ નેગેટીવ કેરેક્ટર , એક ખરાબ માં ખરાબ પાત્ર ભજવવાનું ગમશે . જેવું સંજય લીલા ભણસાલી ની ફિલ્મ 'પદમાવત' માં રણવીર સિંઘે ખિલજી નું પાત્ર ભજવ્યું હતું તેવું કઈ કરવું ગમશે. તે પાત્ર ખરેખર આઈકોનિક હતું. ●

# છેલ્લી ઘડીએ 'બેટલ ઓફ ગલવાન'નું નામ બદલી 'માતૃભૂમિ' રાખવાનું કારણ શું?




**ગલવાનની ઘટના પર ફિલ્મ બનાવતા ચીનના સરકારી મીડિયા 'ગ્લોબલ ટાઈમ્સ'એ આરોપ લગાવ્યો કે આ ફિલ્મ હકીકતને વિકૃત કરે છે અને ચીન વિરુદ્ધ લાગણી ભડકાવે છે. આ વાત થોડા દિવસ પહેલાં જ વાયરલ થઈ**

ટ્રેન્ડીંગ

બોલિવૂડના ભાઈજાન સલમાન ખાનની આગામી ફિલ્મ, જે પહેલાં 'બેટલ ઓફ ગલવાન' નામથી જાણીતી હતી, તેનું નામ અચાનક બદલાઈ ગયું છે. હવે તેને 'માતૃભૂમિઃ મે વોર રેસ્ટ ઈન પીસ' નું નવું નામ આપવામાં આવ્યું છે. આ ફેરફાર ૧૬ માર્ચ ૨૦૨૬ના રોજ સલમાને પોતે સોશિયલ મીડિયા પર નવા પોસ્ટર સાથે જાહેર કર્યો. લોકો આશ્ચર્યમાં પડી ગયા, પણ પાછળ કારણ પણ મોટું છે.

પહેલાં ફિલ્મ વિશે જાણીએ. આ ફિલ્મ ૨૦૨૦માં લદાખના ગલવાન વેલીમાં થયેલા ભારત-ચીનના યુદ્ધ પર આધારિત છે. તેમાં ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા હતા. સલમાન ખાન કર્નલ સંતોષ બાબુ જેવા રોલમાં છે, જેઓ પોતાના સૈનિકોને આગળ લઈને લડ્યા હતા. ડિરેક્ટર અપૂર્વ લખિયા છે અને ચિત્રાંગદા સિંહ પણ મુખ્ય રોલમાં છે. ફિલ્મમાં સલમાન ખાન પ્રોડ્યુસર પણ છે. ડિસેમ્બરમાં ટીઝર આવ્યો ત્યારે લોકોએ બહુ પસંદ કર્યો, પણ કેટલાકે ટીકા પણ કરી.

હવે મુખ્ય સવાલ - નામ કેમ બદલાયું? આનું મુખ્ય કારણ છે ચીન સાથેના સંબંધો અને રાજકીય સંવેદનશીલતા. ગલવાનની ઘટના પર ફિલ્મ બનાવતા ચીનના સરકારી મીડિયા 'ગ્લોબલ ટાઈમ્સ'એ આરોપ લગાવ્યો કે આ ફિલ્મ હકીકતને વિકૃત કરે છે અને ચીન વિરુદ્ધ લાગણી ભડકાવે છે. આ વાત થોડા દિવસ પહેલાં જ વાયરલ થઈ. ત્યાર પછી જ સલમાને નવું નામ જાહેર કર્યું.

સલમાનના અમુક વેલ-વિશર તરફથી સલાહ મળી હતી કે ફિલ્મનું ટાઈટલ અને કેટલાક પાર્ટ્સ બદલી નાંખો. ચીન વિરુદ્ધના ઈન્ટેન્સ સીન ઓછા કરો, કારણ કે હાલ ભારત-ચીન વચ્ચે સંબંધો સુધારવાની વાતો ચાલે છે. સલમાને આ સલાહને ગંભીરતાથી લીધી અને ફિલ્મની સ્ક્રિપ્ટમાં મોટા ફેરફાર કર્યા. હવે યુદ્ધની વાતને કાલ્પનિક બનાવી દીધી છે. ફિલ્મ માત્ર એક યુદ્ધની વાર્તા નથી રહી, પણ માતૃભૂમિના પ્રેમ, સૈનિકોના બલિદાન અને શાંતિના સંદેશ પર વધુ ધ્યાન આપે છે એવું કહેવામાં આવી રહ્યું છે.

સલમાને પોસ્ટર પર લખ્યું છે - 'મે વોર રેસ્ટ ઈન પીસ' એટલે 'યુદ્ધને શાંતિ મળે'. ફિલ્મના ડિરેક્ટર અપૂર્વ લખિયાએ પણ સૂરમાં સૂર પુરાવતા કહે છે કે આ ફિલ્મ ક્યારેય માત્ર ગલવાનના યુદ્ધ વિશે જ નહોતી. તે હંમેશા માતૃભૂમિના ભાવ અને યુદ્ધના માનવીય પાસા વિશે છે. (તો 'બેટલ ઓફ ગલવાન' નામ શા માટે રાખ્યું હતું? બસ એમ જ!) વધારાના સુધારામાં હવે ફિલ્મમાં સલમાન અને ચિત્રાંગદા વચ્ચેનો લવ એન્ગલને મોટો બબાવી દેવામાં આવશે અને યુદ્ધ વચ્ચેનું સંતુલન વધુ દેખાશે. આને 'લવ એન્ડ વોર' કહી શકાય. આ ફેરફારથી ફિલ્મનું બજેટ પણ વધ્યું છે અને રિલીઝ તારીખમાં પણ ફેરફાર થયો છે. પહેલાં એપ્રિલ ૨૦૨૬માં આવવાની હતી, પણ હવે જુલાઈથી ઓક્ટોબર વચ્ચે અથવા સ્વતંત્રતા દિવસ આસપાસ આવી શકે છે. ડિફેન્સ મંત્રાલયની મંજૂરી પણ લેવાની છે.

હવે આ ફિલ્મ માત્ર યુદ્ધની નહીં, પણ શાંતિ અને માતૃભૂમિના પ્રેમની તથા હીરો-હિરોઈનના લવની વાર્તા બની ગઈ છે. સલમાનના ફેન્સ માટે આ ફિલ્મ ખાસ છે, કારણ કે તેમાં પહેલી વાર તેઓ આર્મી ઓફિસરનો રોલ કરે છે. ●

